ક્રમાંક:-સીબી/૩૪૦/૪/૨ ૩૨૪/૩૩:૧:/'૮૨.

પોલીસ કમીશ્નરની કચેરી,
રાજકોટ શહેર, રાજકોટ,
તારીખ:- ૩૧ - ૫-૧૯૮૨.

## -: જા હે ર ના મુ :-

રાજકોટ મહાનગર પાલીકાનું ફાયર બ્રીગેડ સ્ટેશન હાલ કનકરોડ પર આવેલ છે. આ ફાયર બ્રીગેડ સ્ટેશનની બન્ને બાજુ એ આવેલ રસ્તા પર ખાનગી બસો, ટેક્સીઓ વિગેરે ઉભી રાખવામાં આવતી હોવાથી, આગ લાગવાના પ્રસંગે ફાયર ફાઈટરોને આગના સ્થળે પહોંચવામાં આ રસ્તાના પાર્કીંગ ને લીધે વિલંબ થાય છે અને તેથી ઘણીવાર ફાયર ફાઈટર માટે સમયસર પહોંચવાનું મુશ્કેલ બની જાય છે.

ઉપર જણાવેલ પરિસ્થિતિ નિવારવા તેમજ આગ લાગવાના સમયે ફાયર બ્રીગેડ સ્ટેશન માંથી આવતા જતા ફાયર ફાઈટરની ગતિ કોઈપણ નાજુક સમયે અવરોધાય નહિ તેમાટે ફાયર બ્રીગેડ સ્ટેશનની બન્ને બાજુ ના રસ્તાનો ૨૦'' (ફુટ) નો ભાગ દરેક પ્રકારના વાહનો માટે '' નો પાર્કીંગ '' વિસ્તાર તરીકે જાહેર કરવાનું હીતાવહ જણાય છે.

ઉપરોકત બાબતે મુંબઈ પોલીસ અધિનિયમ -૧૯૫૧ ની કલમ- ૩૩: ૧: થી અન્વયેનું જાહેરનામુ બહાર પાડતા પહેલા આપવાની રહેતી જાહેર નોટીસ, જીલ્લા મેજી.શ્રી, રાજકોટના પત્ર ક્રમાંક:-એમએજી-૨૩૩૧-૮૧ તા.૧૫-૬-૮૧ થી પ્રસિધ્ધ કરવામાં આવેલ. અને પ્રસિધ્ધ થયાની તારીખથી દિવસ-૩૦ ની અંદર વાંધાઓ યગર સુચનો રજુ કરવા સુચના કરવામાં આવેલ.

ઉપરોકત બાબતે રજુ થયેલ વાંધાઓ અને સુચનો લક્ષમાં લેવામાં આવ્યા બાદ હું એમ.એમ. મહેતા, આઈ.પી.એસ. પોલીસ કમીશ્નર, રાજકોટ શહેર, આથી મળેલ મુંબઈ પોલીસ અધિનિયમ -૧૯૫૧ ની કલમ ૩૩:૧: અન્વયે મળેલ સત્તાની રુએ નીચે મુજબનો હુકમ ફરમાવું છું.

રાજકોટ શહેરમાં કનકરોડ.પર આવેલ મહાનગરપાલીકાના ફાયર બ્રીગેડ સ્ટેશનની બન્ને બાજુએ આવેલ રસ્તાઓ પરનો ફાયર બ્રીગેડ સ્ટેશનની પાસેનો ૨૦' નો ભાગ એ દરેક પ્રકારના વાહનો ના પાર્કીંગ માટે આથી પ્રતિબંધિત જાહેર કરવાનો આથી હુકમ કરું છું.

...૨/-

૧૫/૪
૩૧/૫/૮૨

આ જાહેરનામાનો ભંગ કરનારની સામે મુંબઈ પોલીસ અધિનિયમ - ૧૯૫૧ ની કલમ-૧૩૧ માં બતાવ્યા મુજબ કામ ચલાવવામાં આવશે અને તેમાં બતાવ્યા મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામાનો અમલ તાત્કાલિક અસરથી કરવો.

આજ રોજ તારીખ: -૨૮-૫-૧૯૮૨ નાં રોજ અમારી સહી તથા કચેરી ના સિક્કા કરી બહાર પાડવામાં આવ્યું.

(એમ. એમ. મહેતા)
પોલીસ કમીશ્નર
રાજકોટ શહેર.

નકલ જયારત સાથ :-

---

૧) ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજશ્રી-રાજકોટ.
૨) જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી, રાજકોટ જીલ્લા, રાજકોટ.
૩) સહાયક માહિતી નિયામકશ્રી, રાજકોટ દસ નકલો સાથે. સ્થાનિક દૈનિક પત્રોમાં લોક પ્રસિદ્ધી આપવા સારું.
૪) કમીશ્નરશ્રી, રાજકોટ મહાનગરપાલીકા, રાજકોટ.
૫) પોલીસ સુપ્રીન્ટેન્ડેન્ટશ્રી, રાજકોટ શહેર.
૬) સબ-ડીવીઝનલ મેજી.શ્રી, રાજકોટ.
૭) એકઝીકયુટીવ મેજી.શ્રી, રાજકોટ શહેર.
૮) મેનેજરશ્રી, સરકારી પ્રેસ, રાજકોટ.
ગેઝેટમાં પ્રસિધ્ધિ આપી, તેની નકલો આ કચેરીને મોકલવા સારું.
૯) પોલીસ ઈન્સ. ''સી'' ડીવી. પોલીસ સ્ટેશન, રાજકોટ શહેર.
૧૦) પોલીસ ઈન્સ. ટ્રાફીક બ્રાન્ચ, રાજકોટ શહેર. બહોળી પ્રસિધ્ધી તથા જરુરી અમલ કરવા સારું.
૧૧) વી. એમ. એફ. કંટ્રોલ રુમ રાજકોટ શહેર.
બહોળી પ્રસિધ્ધી માટે.

પકવાણા ૨૯/૫/

ક્રમાંક:-સીબી/૩૪૦/૪/૧૧૨૦/'૮૪.

પોલીસ કમિશનરની કચેરી
રાજકોટ શહેર, રાજકોટ
તારીખ:- / -૩-૧૯૮૪

:: જા હે ર ના મું :-

રાજકોટ શહેરમાં વધતા જતા વાહન વ્યવહારની સુગમતા તેમજ જાહેર સલામતી ખાતર શહેરમાં આવેલ જામનગર રોડ નો સીવીલ હોસ્પીટલ ચોકથી જામટાવર સુધીના ભાગનો રસ્તો તમામ પ્રકારના વાહનો ના પાર્કીંગ માટે પ્રતિબંધિત જાહેર કરી ''નો-પાર્કીંગ'' વિસ્તાર જાહેર કરવાનું હોવાનું જણાય છે,

ઉપરોક્ત વિગતે મુંબઈ પોલીસ અધિનિયમ- ૧૯૫૧ની કલમ ૩૩:૧: અન્વયે જાહેરનામું બહારપાડતા પહેલા પ્રસિધ્ધ કરવાની રહેતી એક જાહેર નોટીસ આ કચેરીના પત્રક્રમાંક:- સીબી/૩૪૦/૪/૨૪૧૧/૮૩ તારીખ:-૨૭-૯-'૮૩ થી પ્રસિધ્ધ કરવામાંઆવેલ જે પ્રસિધ્ધ થયાની તારીખથી દિવસ-૩૦ નીઅંદરજાહેર જનતા તરફથી વાંધાઓ અંગર સુચનો માંગવામાં આવેલજેના અનુસંધાને રજુ થયેલ વાંધા સુચનો લક્ષમાં લેવામાંઆવ્યા બાદ ઉપરોક્તબાબતે નીચેની વિગતે હુકમ કરવા યોગ્ય જણાતા હું, હીરાલાલ, આઈ.પી.એસ., પોલીસકમિશનર, રાજકોટ શહેર અમને મુંબઈ પોલીસ અધિનિયમ - ૧૯૫૧ ની કલમ ૩૩:૧: અન્વયે મળેલ સત્તાની રૂએ નીચે મુજબ હુકમ બહાર પાડુ છું.

રાજકોટ શહેરમાં આવેલજામનગર રોડ નો સીવીલ હોસ્પીટલ ચોકથી જામટાવર ચોક સુધી આ ભાગના રસ્તાની બન્ને બાજુ પર તમામ પ્રકારના વાહનો ના પાર્કીંગ પરપ્રતિબંધ જાહેર કરી સદરહુ વિસ્તારને '' નો-પાર્કીંગ'' વિસ્તાર જાહેર કરવામાં આવે છે.

પોલીસ ઈમરજન્સીવાન, એમ્બ્યુલન્સવાન, ફાયર ફાઈટર, એસ.ટી.ની બસો (સીટી બસો તથા બહાર ગામની બસો) ને આજાહેરનામાના અમલમાંથી મુક્તિઅપવામાં આવે છે,

....૨/-

આ જાહેરનામાનો ભંગ કરનારનો સામે મુંબઈ પોલીસ અધિનિયમ - ૧૯૫૧ ની કલમ -૧૩૧ માં જણાવ્યા મુજબ કાયદેસરના પગલાં લેવામાં આવશે અને તેમાં જણાવ્યા પ્રમાણે શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામાનો અમલ તાત્કાલિક અસરથી કરવાનું ઠરાવવામાં આવે છે.

આજ રોજ તા. ૮-૫-૧૯૯૮ના રોજ અમારી સહી તથા કચેરીના સિક્કાથી બહાર પાડવામાં આવ્યું.

COMMISSIONER OF POLICE RAJKOT CITY

( હીરાલાલ )
પોલીસ કમીશ્નર,
રાજકોટ શહેર.

નકલ જયભારત સાથ :-

૧) ડીસ્ટ્રીક્ટ એન્ડ સેશન્સ જજશ્રી, રાજકોટ.
૨) સહાયક માહિતી નિયામકશ્રી, જ્યુબીલી બાગ- રાજકોટ. પાંચ નકલો સાથે સ્થાનિક દૈનિક વર્તમાનપત્રો દ્વારા યોગ્ય પ્રસિધ્ધી આપવા સારું.
૩) જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી, રાજકોટ.
૪) શ્રી સુપ્રી. ઓફ પોલીસ રાજકોટ. વધારાની પાંચ નકલો સાથે બહોળી પ્રસિધ્ધિ સારું.
૫) કમીશ્નરશ્રી, રાજકોટ મહાનગરપાલીકા, રાજકોટ.
૬) વિભાગીય નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, માર્ગવાહનવ્યવહાર, રાજકોટ.
૭) સબ-ડીવીઝનલ મેજી. શ્રી, રાજકોટ.
૮) એકઝીક્યુટીવ મેજી. શ્રી રાજકોટ શહેર.
૯) મેનેજરશ્રી, સરકારી છાપકામ અને લેખન સામગ્રી, રાજકોટ સરકારી ગેઝેટમાં પ્રસિધ્ધ આપી તેની નકલો આ કચેરીને મોકલવા સારું.
૧૦) પોલીસ ઈન્સ. પ્રનગર પોલીસ સ્ટેશન , રાજકોટ શહેર, વધારાની ૧૦ નકલો સાથે બહોળી પ્રસિધ્ધી અને અમલ સારું.
૧૧) શ્રી પોલીસ ઈન્સ. ટ્રાફિક શાખા રાજકોટ શહેર, વધારાની ૧૦ નકલો સાથે બહોળી પ્રસિધ્ધી અને યોગ્ય અમલ સારું.
૧૨) પી.એસ.ઓ. કંટ્રોલ રુમ રાજકોટ શહેર, બહોળી પ્રસિધ્ધી સારું.

જાહેરનામા ૮૫૮૪

નં. એમએજ-૪૨/૭૫/૭૬

જીલ્લા મેજીસ્ટ્રેટની કચેરી
રાજકોટ, તા. ૩૧-૧-૭૭

**હુકમ :-**

રાજકોટ શહેરમાં ગોંડલ રોડ ઉપર માલવીયા ચોકથી સ્વામીનારાયણ ગુરૂકુળ સુધીના હાઇવે પર વાહનો જતા ટ્રાફીકને અનુસરીને વાહન વ્યવહારની સરળતા તેમજ અકસ્માત નિવારવા માટે પાર્કીંગ નિયંત્રણ મુકવા માટે આખરી હુકમ બહાર પાડતા પહેલા આ કચેરીના સરખુ ક્રમાંક તા. ૨૭-૧૧-૭૬ થી નોટીસ બહાર પાડી સંબંધકર્તા પાસેથી વાંધાઓ માંગવામાં આવેલ. જે અન્વયે મુદત દરમ્યાન કોઇ વાંધા અગર સુચનો રજુ થયેલ નથી.

તેથી હું ર. બસુ, આઇ.એ.એસ. જીલ્લા મેજીસ્ટ્રેટ, રાજકોટ જીલ્લા, રાજકોટ મને મુંબઇ પોલીસ અધિનિયમ ૧૯૫૧ ના કલમ ૩૩:૧: :બી: અન્વયે મળેલ અધિકારની રૂએ આથી ફરમાવું છું કે

૧ ગોંડલ રોડ પર માલવીયા ચોકથી માલવીયાવાડી સુધીના રસ્તા પર કોઇપણ જાતના વાહનો પાર્ક કરવા નહી તથા

૨ માલવીયા વાડી થી સ્વામીનારાયણ ગુરૂકુળ સુધીના રસ્તા પર એકી બેકી તારીખો મુજબ વાહનો પાર્ક કરવા.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર વિરૂધ્ધમાં મુંબઇ પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ ૧૩૧ અનુસાર કામ ચલાવી શકાશે.

આ હુકમનો અમલ તા. ૧-૨-૧૯૭૭ થી કરવાનો રહેશે.

આજરોજ તારીખ ૩૧ માહે જાન્યુઆરી ૧૯૭૭ નારોજ મારી સહી તથા સીક્કા હેઠળ પ્રસિધ્ધ કર્યો.

સહી- ર. બસુ
જીલ્લા મેજીસ્ટ્રેટ
રાજકોટ.

નકલ જરૂરાત સાથે :-

૧ જીલ્લા પોલીસ અધિકારીશ્રી, રાજકોટ શહેર : ૧૦ નકલ :
૨ ડીસ્ટ્રીક્ટ એન્ડ સેસન્સ જજશ્રી, રાજકોટ
૩ કમીશનરશ્રી, રાજકોટ મહાનગરપાલીકા, રાજકોટ.
૪ સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, રાજકોટ
૫ સબ ડીવી. પોલીસ ઓફીસરશ્રી, રાજકોટ શહેર
૬ સહાયક માહિતી નિયામકશ્રી, રાજકોટ :૫ નકલ: સ્થાનીક વર્તમાનપત્રોમાં જાહેર પ્રસિધ્ધી અપાવવા માટે.
૭ વ્યવસ્થાપકશ્રી, સરકારી પ્રેસ, રાજકોટ.. ગેઝેટમાં પ્રસિધ્ધી આપી તેની નકલો અત્રે મોકલવા માટે.
૮ એક્ઝી. મેજી. શ્રી, રાજકોટ શહેર
૯ પોલીસ ઇન્સપેક્ટરશ્રી, ટ્રાફીક બ્રાન્ચ, રાજકોટ.. જાણ માટે.

જીલ્લા મેજીસ્ટ્રેટ વતી
રાજકોટ જીલ્લા

RAJKOT DISTRICT
GUJARAT STATE

દવે-૨૯૧/-

નં.૨૯૮
તારીખ ૨-૨-૭૭

ફ. ક્ર: રાજ/સીપી/જેલબી/ ૫૨૨ /૧૯૮૯

પોલીસ કમિશ્નર ની કચેરી,
રાજકોટ શહેર, રાજકોટ
તારીખ :- ૬/૩/૧૯૮૯

-:- જા હે ર ના મું :-

રાજકોટ શહેરમાં આવેલ લીમડાચોકનો સુભાષરોડ જે મોટી ટાંકી તરફ જાય છે તેટલા સુભાષરોડ થી મોટી ટાંકી ચોક વિસ્તાર, જનસત્તા પ્રેસ રોડ, ભીલવાસ ચોક થઈ ફુલછાબચોક,,ગીરનારસીનેમા થઈ રેઈસકોર્ષ ચોક સુધી નાં રસ્તા ઉપર વધતા જતા વાહન વ્યવહાર ને લક્ષમાં લઈ આ વિસ્તારમાં રહેતા નાગરીકો તેમજ રસ્તા ઉપર ફરતા રાહદારીઓ ની સલામતી જાળવવા માટે વાહન વ્યવહાર નિયંત્રિત કરવાનું આવશ્યક જણાયેલ છે અને આ વિસ્તારોને પબ્લીક નાં ભારે વાહનો માટે '' પાર્કિંગ ઝોન '' જાહેર કરવાનું હિતાવહ જણાતા સદરહુ બાબતમાં વાંધાઓ અને સુચનો મેળવવા ડ્રાફ્ટ નોટીફીકેશન નંબર : રાજ/સીપી/જેલબી/૧/૧૯૮૯ તા.૪/૨/૮૯ રજુ કરવા જણાવવામાં આવેલ હતુ. આ અન્વયે મળેલ સુચનો પર વિચારણા કરી નિચે મુજબ આખરી નિર્ણય લેવામાં આવ્યો છે.

આથી હું પી.કે.દત્તા, પોલીસ કમીશ્નર, રાજકોટ શહેર, અને મુંબઈ પોલીસ અધિનીયમ ૧૯૫૧ ની કલમ ૩૩(૧) (બી) થી મળેલ સત્તાની રૂએ રાજકોટ શહેરમાં આવેલ લીમડાચોક નો સુભાષરોડ કે જે મોટી ટાંકી ચોક તરફ જાય છે તેટલો સુભાષરોડ તેમજ મોટી ટાંકી ચોક વિસ્તાર થી જનસત્તા પ્રેસ રોડ, ભીલવાસ થઈ ફુલછાબ ચોક, ગીરનાર સીનેમા થઈ રેઈસકોર્ષ ચોક સુધીનાં રસ્તાને પબ્લીક માટે ભારે વાહનો માટે '' નો પાર્કિંગ ઝોન '' તરીકે જાહેર કરુ છુ. આ જાહેરનામા નો અમલ પ્રગટ થયાની તારીખથી કરવાનો છે. આ જાહેરનામાનો અમલ થતાં ટ્રક, ખાનગી ટેન્કર, બસ અને તેનાં જેવા બીજા ભારે વાહનો આ વિસ્તારમાં પાર્ક કરી શકાશે નહી.

-: અ પ વા દ :-

આ વધુમાં આદેશ કરુછુકે આ જાહેરનામું નિચે મુજબનાં વાહનો ને લાગુ પડશે નહી.

1) આ રોડ ઉપર ચલાવવામાં આવતી સીટી બસ

2) ફાયર ફાયટર

3) એમ્બ્યુલન્સ અને તેનાં જેવા અન્ય વાહનો કે જે વાહનો જાહેર જનતાની સુવિધા અને જાનમાલ નાં રક્ષણ અર્થે ચલાવવામાં આવેછે.

જાવક ૩૩૧
તારીખ ૬ ૩ ૮૯
પોલીસ ઈન્સ. ટ્રાફીક
ટ્રાફીક બ્રાંચ રાજકોટ શહેર

.....૨/-

નં. એમએજે-૫૫૬૮-૭૬

જીલ્લા મેજીસ્ટ્રેટ કચેરી
રાજકોટ, તા. ૩-૨-૧૯૭૭

વંચાણે-૧- આ કચેરીના જાહેરનામાં ક્રમાંક, જે-એમજે-વીપીએ-૧૦૪૬, તા. ૧૪-૬-૧૯૬૬.

-૨- જીલ્લા પોલીસ અધિકારીશ્રી, રાજકોટ શહેરના પત્ર ક્રમાંક, સીબી-૩૪૦-૪-૨૪૭૬-૭૬, ૩૪૪૬, તા. ૬-૧૨-૭૬.

હુકમ :---

આ કચેરીના વંચાણે-૧ પરના જાહેરનામાંથી રાજકોટ શહેરમાં સર લાખાજીરાજ રોડ ઉપર પ્રહલાદ ટોકીઝથી ઢેબર ચોક સુધીના રસ્તા પર મુંબઇ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ ૩૩:૧:બી: મુજબ એકી બેકી તારીખોએ વાહન પાર્ક કરવા માટે હુકમ બહાર પાડવામાં આવેલ છે.

જીલ્લા પોલીસ અધિકારીશ્રી, રાજકોટ શહેરના ઉપરોક્ત વંચાણે-૨ પરના પત્રથી સદરહુ સર લાખાજીરાજ રોડ પર ત્રિકોણ બાગથી શરૂ થઇ માલવીયા ચોક સુધીનાં રસ્તા પર હાલ બંને બાજુએ વાહનો પાર્ક થતાં હોવાથી ટ્રાફીકને ખુબજ અડચણકર્તા થાય છે, જે નિવારવા માટે સર લાખાજીરાજ રોડ પર પ્રહલાદ સિનેમાથી શરૂ થઇ ઢેબર ચોક, ત્રીકોણ બાગ, જેકકોર્ડ ટોકીઝથી થઇ માલવીયા ચોક સુધીના રસ્તા પર એકી બેકી તારીખોએ પાર્કીંગ નિયમન નક્કી કરવા હુકમ થવા દરખાસ્ત થઇ આવેલ છે, જેની વિચારણા બાદ નીચે મુજબનો હુકમ કરવાનું મને આવશ્યક જણાય છે.

સબબ હું, ર. વસુ, આઇ.એ.એસ. જીલ્લા મેજીસ્ટ્રેટ, રાજકોટ જીલ્લા, રાજકોટ આથી સદરહુ સર લાખાજીરાજ રોડ પર પ્રહલાદ સીનેમાથી શરૂ થઇ ઢેબર ચોક, ત્રિકોણ બાગ, જેકકોર્ડ ટોકીઝ થઇ માલવીયા ચોક સુધી એકી તારીખોએ રસ્તાની એક બાજુ તથા બેકી તારીખોએ રસ્તાની બીજી બાજુ વાહનો પાર્ક કરવા આથી ફરમાવુ છું.

આ હુકમનો અમલ તા. ૧૫-૨-૭૭ થી કરવાનો રહેશે.

આ હુકમનો ભંગ કરનાર સામે મુંબઇ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ ૧૩૧ હેઠળ કામ ચલાવી શકાશે.

આજ તા. ૩-૨-૧૯૭૭ ના રોજ અમારી સહી તથા કચેરીના સિક્કા હેઠળ આ હુકમ બહાર પાડવામાં આવ્યો.

સહી- ર. વસુ,
જીલ્લા મેજીસ્ટ્રેટ,
રાજકોટ જીલ્લા, રાજકોટ

નકલ જયભારત સાથ:---
૧. ડીસ્ટ્રીક્ટ એન્ડ સેસન્સ જજશ્રી, રાજકોટ
૨. જીલ્લા પોલીસ અધિકારીશ્રી, રાજકોટ શહેર
૩. કમિશનરશ્રી, રાજકોટ મહાનગરપાલીકા, રાજકોટ
૪. સહાયક માહીતી નિયામકશ્રી, રાજકોટ,
સ્થાનીક વર્તમાન પત્રોમાં જાહેર પ્રસિધ્ધી અપાવવા માટે.
૫. મેનેજરશ્રી, સરકારી પ્રેસ, રાજકોટ,
ગેઝેટમાં પ્રસિધ્ધી આપી તેની નકલો અત્રે મોકલવા સારૂં.
૬. સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, રાજકોટ,
૭. ડેપ્યુટી સુપ્રી. ઓફ પોલીસ, રાજકોટ,
૮. એક્ઝી. મેજીસ્ટ્રેટશ્રી, રાજકોટ
૯. પોલીસ ઇન્સ. શ્રી, ટ્રાફીક બ્રાન્ચ, રાજકોટ.

જીલ્લા મેજીસ્ટ્રેટ-વતી,
રાજકોટ જીલ્લા.

"વ્યાસ"
૨-૨:

ક્રમાંક:રાજ/સીપી/એલબી-૨/ટ્રાફીક/૬૬૮/૧૯૯૧

પોલીસ કમિશ્નરની કચેરી,
રાજકોટ શહેર, રાજકોટ
તા: ૧૮/૩/૯૧

જા હે ર ના મુ :-

રાજકોટ શહેરમા આવેલ રેસકોર્ષ ગ્રાઉન્ડ પર એમ્યુઝમેન્ટ પાર્ક બનવાના કારણે ત્યા આવતી જાહેર જનતા તેઓના વાહન રેસકોર્ષ મેઈન રોડ પર પાર્ક કરતા હોવાથી ટ્રાફીક જામ થાય છે અને અકસ્માત થવાની પણ સંભાવના રહે છે. જેથી આ વિસ્તારમાં રહેતા નાગરીકો તથા રાહદારીઓની સલામતી જાળવવા માટે તેમજ વાહન વ્યવહારની સરળતા માટે રેસકોર્ષ ફરતા રીંગરોડ પૈકી પો.હેડ.કવા.થી બહુમાળી ભવન તરફ આવતા રોડની ડાબી બાજુનો ભાગ તમામ પ્રકારના વાહનો માટે તમામ દિવસોમા ૨૪ કલાક માટે તથા બહુમાળી ભવનથી ત્રણ રસ્તા સર્કલ સુધી એમ્યુઝમેન્ટ પાર્ક તરફનો રસ્તો રહેઠાણ બગલા સામેનો ભાગ જાહેર રજાના દિવસોમા સાંજના કલાક ૧૬/૦૦ થી ૨૪/૦૦ સુધી તમામ પ્રકારના વાહનો માટે 'નો પાર્કીંગ ઝોન' જાહેર કરવાનુ હીતાવહ જણાતા સદરહુ બાબતમા વાંધાઓ અને સુચનો આ કચેરીના જાહેર નોટીશ નં.રાજ/સીપી/એલબી-૨/ટ્રાફીક/૨૧૮/૧૯૯૧ તા:૬/૨/૯૧ થી રજુ કરવા જણાવેલ હતુ. આ અન્વયે મળેલ સુચનો પર વિચારણા કરી નીચે મુજબ આખરી નિર્ણય લેવામા આવે છે.

સબબ હુ કે.ચક્રવર્તી પોલીસ કમિશ્નર રાજકોટ શહેર મને મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ ૩૩(૧)બી થી મળેલ સતાની રુએ ઉપરોકત જણાવેલ વિસ્તારને જણાવેલ વિગતે તમામ પ્રકારના વાહનો માટે '<u>નો પાર્કીંગ ઝોન</u>' જાહેરકરુ છુ.

-: અ પ વા દ :-

વધુમાં આદેશ કરુ છુ કે આ જાહેરનામુ નીચે મુજબના વાહનોને લાગુ પડશે નહી.

૧) આ રોડ પર ચલાવવામા આવતી સીટી બસોને.

૨) ફાયર ફાયટરને.

૩) એમ્બ્યુલન્સ અને તેના જેવા અન્ય વાહનો કે જે વાહનો જાહેર જનતાની સુવીધા અને જાનમાલના રક્ષણ અર્થે ચલાવવામા આવે છે.

આ હુકમના ભંગ બદલ મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ ૧૩૧ મુજબ પગલા લેવામા આવશે.

આ જાહેરનામાનો અમલ તા: ૨૦/૩/૯૧ થી કરવા આથી ઠરાવવામા આવે છે.

આજરોજ તા:૧૮/૩/૯૧ના રોજ મારી સહી તથા સીકકો નીચે જાહેર જનતા નીજાણ માટે બહાર પાડેલ છે.

COMMISSIONER OF POLICE RAJKOT CITY

(સહી)
( કે. ચક્રવર્તી )
પોલીસ કમિશ્નર
રાજકોટ શહેર

નકલ જયભારત સાથ રવાના:-

૧) ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ.શ્રી,રાજકોટ.
૨) કમીશ્નરશ્રી, રાજકોટ મ્યુ.કોર્પો.,રાજકોટ.
૩) સંયુકતમાહિતી નિયામકશ્રી, રાજકોટ શહેર(પાંચ નકલ સાથે)
સ્થાનિક વર્તમાન પત્રોમાં સમાચાર તરીકે પ્રગટ કરાવવાની કાર્યવાહી સારુ.
૪) વિભાગીય નિયામકશ્રી, એસ.ટી. રાજકોટ.
૫) મેનેજરશ્રી સરકારી પ્રેસ રાજકોટ શહેર તરફ.
આ જાહેરનામાની પ્રસિધ્ધી અસાધારણ ગેઝેટમા કરી અને ગેઝેટની નકલો અમારી કચેરીની લાયસન્સ શાખામા તાકીદે મોકલવા સારુ.
૬) પોલીસ સુપ્રી.શ્રી,રાજકોટ શહેર પુર્વ વિભાગ/પશ્ચિમ વિભાગ,રાજકોટ શહેર.
૭) સબ ડીવીઝનલ મેજી.શ્રી,રાજકોટ શહેર.
૮) એકઝી.મેજી.શ્રી,રાજકોટ શહેર.
૯) તમામ પોલીસ ઈન્સ.શ્રી રાજકોટ શહેર,રાજકોટ.
આ જાહેરનામાની બહોળી પ્રસીધ્ધી અર્થે ચ્હારાની પાંચ નકલો સાથે.

/સાગર/

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ઉપર મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૧ માં બતાવ્યા મુજબ કામ ચલાવવામાં આવશે અને તે જરૂર ના પ્રમાણે શિક્ષા ને પાત્ર થશે.

વિશેષમાં ફરમાવુ છુ કે:- આ જાહેરનામું રાજકોટ શહેર વિસ્તારમાં મહત્વની જગ્યાઓ એ તેની નકલો ચોંટવી કે જેથી સહેલાઈથી નાગરીકો ને દેખાઈ શકે તેમજ લાઉડ સ્પીકર મારફતે આ અંગેની જાહેરાત સતત એક અઠવાડીયા માટે કરવી તેમજ વર્તમાન પત્રોમાં સમાચાર તરીકે આ જાહેરનામુ પ્રસીધ્ધ કરવુ.

આજરોજ તારીખ ૬ માહે [illegible] સને. ૧૯૮૯ ના રોજ મારી સહી કરી સિક્કો કરી બહાર પાડ્યુ.

COMMISSIONER OF POLICE RAJKOT CITY

( પી.કે. દત્તા )
પોલીસ કમિશ્નર
રાજકોટ શહેર, રાજકોટ.

નકલ જાણ તથા અમલ સાથ રવાના :-

1) ડીસ્ટ્રીકટ એન્ડ સેસન્સ જજ શ્રી રાજકોટ.
2) જીલ્લા મેજીસ્ટ્રેટ શ્રી [illegible].
3) કમિશ્નર શ્રી. રાજકોટ મહાનગર પાલીકા, રાજકોટ
4) વિભાગીય નિયામક શ્રી એસ.ટી. રાજકોટ
5) સબ ડીવીઝન મેજીસ્ટ્રેટ શ્રી. રાજકોટ.
6) સહાયક માહીતી નિયામક શ્રી. રાજકોટ સ્થાનીક વર્તમાન પત્રો માં જાહેર પ્રસિધ્ધી આપવા માટે..
7) મેનેજર શ્રી. સરકારી પ્રેસ રાજકોટ ગેઝેટ માં પ્રસિધ્ધી આપી તેની નકલો અત્રે મોકલવા સારુ..
8) પોલીસ સુપ્રિન્ટેન્ડન્ટ શ્રી. રાજકોટ શહેર.રાજકોટ.
9) એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ શ્રી રાજકોટ શહેર.
10) પોલીસ ઈન્સ્પેકટર શ્રી. ટ્રાફીક બ્રાન્ચ, રાજકોટ શહેર તરફ તેમણે આ જાહેર પ્રસિધ્ધ થયા અંગે નાગરીકો જાણી શકે તે સારુ આ જાહેરનામા ની પ્રસિધ્ધી માઈક દ્વારા સતત એક અઠવાડીયા સુધી થાય તે માટે વ્યવસ્થા કરવી.
11) તમામ પોલીસ ઈન્સ્પેકટર સર્વશ્રી. [illegible].ડીવી./ બી.ડીવી./ સી.ડીવી. / પ્ર.નગર / રાજ.તાલુકા/ કંન્ટ્રોલ રુમ /

જાહેરનામાની પાંચ- પાંચ નકલો સામેલ છે તો તમામ અગત્યના જાહેર સ્થળો એ ચોંડવા તજવીજ કરવી.